ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૩-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ઉમેદવારોની પસંદગીમાં નેવે મુકાઇ રહેલાં મૂલ્યો

મોટી મોટી વાતો કરનારા અને ભ્રષ્ટાચારી સાંસદો- ધારાસભ્યોને નડતરરૂપ સુપ્રીમના આદેશ વિરુદ્ધ કેન્દ્ર સરકારે પસાર કરેલા વટહુકમને ફાડીને કચરા ટોપલીમાં ફેંકી દેવાનો ઈરાદો રાખનારા રાહુલ ગાંધીને આખરે રેલવે કાંડમાં સંડોવણીને કારણે જેમનું રાજીનામું લઈ લેવાયેલું તે પૂર્વ રેલવે મંત્રી પવન બંસલને ચંડીગઢ સંસદીય વિસ્તારમાં કોંગ્રેસની ટિકિટ આપવી પડી છે. રાંચીમાંથી કોલસાકાંડના કલંકિત પૂર્વ કેન્દ્રીય મંત્રી સુબોધકાંત સહાયને કૌભાંડ ટિકિટ મળી છે. આ બેઉ મહાનુભાવોને મનમોહનસિંહ સરકારમાંથી એમની કૌભાંડ-સંડોવણી અન્વયે પાણીચું પકડાવાયું હતું, તે જગજાહેર છે. જયારે મુખ્યમ વિરોધપક્ષ ભારતીય જનતા પાર્ટીએ કર્ણાટકના ભ્રષ્ટ પૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાને પક્ષમાં પાછા લઈ લોકસભાની ટિકિટ આપી દીધી હોય ત્યારે કોંગ્રેસ એના વગોવાયેલા આગેવાનોની આભડછેટ રાખીને થોડી જ બેસી રહે? પવનકુમાર બંસલ અને સુબોધકાંત સહાયની લાંબી રાજકીય કારકિર્દી છે અને એમની બેઠકો પર એમના કરતાં વધારે મજબૂત- જીતવાની શકયતાવાળા ઉમેદવારો જડવા મુશ્કેલ હતા. એ જ રીતે હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહનાં પત્ની વિરુદ્ધ અનેક પ્રકારના આક્ષેપો થયા હોવા છતાં મંડીની બેઠક એમને આપવામાં આવી છે. જેમ દક્ષિણ ભારતમાં 'મેઈડન એન્ટ્રી' માટે ભારતીય જનતા પાર્ટીને ભ્રષ્ટ યેદિયુરપ્પા અને બેલારી બંધુઓ પર આધાર રાખવો પડે એમ છે, એ જ રીતે કોંગ્રેસને પણ આવા કલંકિત આગેવાનો વગર ચાલે એમ નથી. રાહુલ ગાંધીનું ચોખલિયાપણું વહેવારું નહીં હોવાથી એમને એ રીતે મનાવી લેવાયા હશે કે આ મહાનુભાવોના મતવિસ્તારોમાં સ્થાનિક કોંગ્રેસ કાર્યકરો બીજા કોઈ ઉમેદવારોને સ્વીકારવા જ તૈયાર નથી. સમગ્ર તંત્રને આભડી ગયેલા આ 'વિનેબિલિટી'- જીતવાની શકયતા ફેકટર પર બધાં જ મૂલ્યો અભરાઈએ ચડાવી દેવાયાં છે. તમિળનાડુનાં સામ્રાજ્ઞા સામે કે માયા મેમસાહેબ અને મુલાયમ કે લાલુ સામે કોણ જાણે કટલા બધા આરોપ હશે! સીબીઆઈની વર્ષો જૂની તપાસ અધવચ્ચે અધ્ધર લટકાવી દેવાય છે અને અનુકૂળતાએ પાછી સક્રિય કરી દેવાય છે. સામ-દામ-દંડ-ભેદની આ કૂટનીતિમાં કોઈ રાજકારણી સાંગોપાંગ ચોખ્ખો હોઈ જ ન શકે અને રહેવા ધારે તો રહી જ ન શકે એવી પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં કૂડું કથરોટને હસે એવો ઘાટ ઘડાયો છે. યુપીએ સરકાર સાથે સત્તાની ભાગીદારી કરીને લખલૂટ લૂંટ ચલાવનારા એ.રાજા જેવા પૂર્વ કેન્દ્રીય મંત્રીને વટપૂર્વક ડીએમકેની ટિકિટ મળી ગઈ છે અને કોંગ્રેસે ઘણી નાકલીટી તાણી છતાં કરુણાનિધિને કરુણા નથી ઊપજી. કોંગ્રેસ કોઈ સધ્ધર દ્રવિડ પાર્ટીનો સધિયારો નહીં મળતાં રઝળી પડી છે. કેન્દ્રીય નાણાંમંત્રી પી.ચિદંબરમને આંતરરાષ્ટ્રીય મીડિયા અને રાજકીય વિશ્લેષકો ભારતના ભાવિ વડાપ્રધાનપદ માટેના સૌથી લાયક ઉમેદવાર ગણતા હતા. આજે તેઓ ચૂંટણી લડવા તૈયાર નથી કારણ કે પ્રવર્તમાન સંજોગોમાં એમને હાર ભીંત પર લખેલા અક્ષરો જેટલી સ્પષ્ટ વંચાઈ રહી છે. કલંકિતોની જેમ પક્ષપલટુઓને પણ સામે ચાલીને સીધી જ પાર્લામેન્ટની ટિકિટ બઝાડી દેવાના કિસ્સા રાજકારણીઓ કઈ હદે 'ફલેકસીબલ' બની શકે છે એની પ્રતીતિ કરાવે છે. લાલુ યાદવની લાલટેન લઈને વફાદાર સૈનિકની જેમ એમનો પડયો બોલ ઝીલનારા રાજદના મહામંત્રી રામકૃપાલ યાદવને પાટલિપુત્ર બેઠકની ટિકિટ જોઈતી હતી. લાલુ નામના ભૂવાએ ધૂણીને નારિયેળ ઘર ભણી ફેંક્યું. 'મિસા'માં પકડાયેલા ત્યારે જન્મેલી પુત્રી મીસા ભારતીને પાટલિપુત્ર બેઠકની ઉમેદવાર જાહેર કરતાંની સાથે નારાજ રામકૃપાલ ભાજપના નેતાઓ પાસે દોડી ગયા અને ભગવો ખેસ પહેરી અત્યાર સુધી જેને ભૂંડી ગાળો ભાંડતા રહ્યા હતા તે નરેન્દ્ર મોદીના નામની માળા જપતા થઈ ગયા. ભાજપે પોતાના વફાદાર કાર્યકરોની નારાજગીની પરવા કર્યા વગર એમને બારોબાર પાટલિપુત્ર બેઠક પર ઉમેદવાર બનાવી દીધા! રાજકારણમાં 'શુદ્ધિ'નો આગ્રહ સેવતા કેજરીવાલ પોઠિયા ટિકિટો વેચી રહ્યા હોવાના સમાચાર પણ સાંભળવા મળે છે. 'દાગી', 'બાગી' અને 'વંશવાદી' ઉમેદવારો ઉપરાંત નાચણિયા-કૂદકણિયા બોલીવુડના ઉમેદવારોની સામેલગીરી જોતાં કોંગ્રેસ-ભાજપ કે આમ આદમી પાર્ટી બધે જ કાગડા કાળા હોવાની પ્રતીતિ થયા વિના રહેશે નહીં. રાજકારણ એક પ્રકારની લડાઈ છે જે જીતે એ સિકંદર એવરીથિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વૉર.

# કલરવ સંસ્થાએ બાળકોને પારલે બિસ્કીટ સુપર બ્રેડ અને મધર ડેરીની મુલાકાત કરાવી

ગાંધીનગર, તા. ૧૪

બાળ પ્રવૃત્તિને ઉત્તેજન આપતી ગાંધીનગરની સક્રિય સંસ્થા કલરવ સાથે જોડાયેલા બાળમિત્રો પૈકી ૧૨૭ બાળમિત્રોએ તારીખ



૯.૩.૨૦૧૪ને રવિવારના રોજ પારલે બિસ્કીટ ફેક્ટરી- નરોડા જીઆઈડીસી, સુપર બ્રેડ ફેક્ટરી-અમદાવાદ તેમજ મધર ડેરી, ભાટના



અભ્યાસ પ્રવાસની મઝા માણી હતી.


પારલે બિસ્કીટ ફેક્ટરી ખાતે ડિરેક્ટર શ્રી મનહરભાઈ તથા શ્રી ભુપેન્દ્ર પટેલે પારલે-જી સહિતના અન્ય બિસ્કીટની બનાવી તેનું પેકિંગ કરવા સુધીની સમગ્ર ઓટોમેટીક મશીન પ્રક્રિયા બાળમિત્રોને દર્શાવી હતી. બાળમિત્રોએ ગરમાગરમ બિસ્કિટ ઉપરાંત સમોસા, વેફર અને ગુલાબજાંબુની જ્યાફત ઉડાવી હતી. કલરવના બાળમિત્રોએ સુપર બ્રેડની સુપર બેકર્સ (ઈન્ડિયા) ફેક્ટરીના માલિક શ્રી શંકરભાઈ આહુજાના સહયોગથી મીનાબેન મિસ્ત્રી તથા મણીલાલ પટેલ માર્ગદર્શન હેઠળ ઘઉના લોટમાંથી બ્રેડ બનાવવાની મશીનોની હારમાળા નિહાળવાની મઝા માણી હતી. સાથોસાથ તાજા ગરમ પફનો સ્વાદ પણ માણ્યો હતો. આ બાળમિત્રોએ મધરડેરી સામે આવેલ શ્રી કાન્તમ્ ફાર્મના સુવિધા સભર મોકળાશ ભર્યા પાર્ટી પ્લોટમાં ભાજીપાઉંને ટૅસથી ન્યાય આપ્યો હતો.

કલરવ સંસ્થાએ પ્રાદેશિક કચેરી, જીપીસીબી-ગાંધીનગરના પ્રાદેશિક અધિકારીશ્રી સી.એ. શાહના સહયોગ થકી યોજાયેલ સંયુક્ત કાર્યક્રમ હેઠળ મધર ડેરી-ભાટની મુલાકાત દરમિયાન કલરવના બાળમિત્રોએ લીલાછમ્મ હરિયાળા પરિસરમાં કાર્યરત્ મધરડેરીમાં અન્યત્ર કેન્દ્રોમાંથી ટેકન્ર મારફતે સુરક્ષિતરીતે ઠલવાતા, ટેન્કરોની ઉકળતા પાણીની વરાળ થકી કરવામાં આવતી સફાઈ, દૂધને પૅસ્યૂરાઈડ કરીને તૈયાર થતા દૂધના પાઉચ, દૂધમાંથી બનાવાતો પાવડર, ૧૨૦ દિવસ સુધી ટેટ્રાપેકમાં તૈયાર કરાતું દૂધ, તથા આઈસ્ક્રિમની



બનાવટ શ્રી સંજય અજાુગીઆએ બતાવી હતી. આ ડેરીમાંથી નિકળતા ગંદાપાણીને ટ્રિટમેન્ટ કરીને આસપાસ સમગ્ર હરિયાળી જાળવવા માટે ઉપયોગમાં લેવાની સમજ આડીએસ શ્રી કે.ડી. ગોજીયાના માર્ગદર્શન હેઠળ બાળમિત્રોને સમજાવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ શ્રી કમલ જૈનના નેતૃત્વ હેઠળ શ્રીમતી આશાબેન સરવૈયા, શ્રીમતી હિમાદ્રીબેન વ્યાસ, શ્રીમતી ઉમાબેન ભટ્ટ, શ્રીમતી કલ્પના ઠાકર, શ્રીમતી મધુબેન જૈન, શ્રી ઉર્મિલ વેદ, શ્રી અનીલ જૈન સહિત શ્રી નરેશ ઠાકરના સહયોગથી આ અભ્યાસ પ્રવાસ સફળ બન્યો હતો.





ગાંધીનગર શહેરની સેક્ટર-૮માં આવેલી કેલોરેક્સ પ્રિ સ્કૂલ ખાતે ભવ્ય ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરમાં રહેતા ૨ વર્ષથી ૮ વર્ષ સુધીના ૭૨ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૬૫ બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં કેલોરેક્સ પ્રિ સ્કુલ તરફથી પ્રોત્સાહિત ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ૨ થી ૫ વર્ષમાં પ્રથમ ક્રમે અદિતી આચાર્ય, દ્વિતીય ક્રમે આસ્થા પરમાર અને તૃતીય ક્રમે જાનવી શાહ તેમજ ૫ થી ૮ના વર્ષમાં મોહક ભાવસાર, હેરી ડામોર, ધ્વની પટેલ વિજેતા બન્યા હતા.

### ભાવનગરની શિશુવિહાર સંસ્થાનો સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ભાવનગરની સેવાભાવી સંસ્થા શિશુવિહારની સ્થાપનાના ૭૫ વર્ષ નિમિત્તે પરિવારનું સ્નેહમિલન તા. ૧૬ માર્ચ રોજ યોજવામાં આવશે.

અમૃત મહોત્સવમાં સ્વાતંત્ર્ય સેનાની અને બાળ કેળવણીકાર પ્રેમશંકર ભટ્ટ અને રવિન્દ્રભાઈ જાનીની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. કાર્યક્રમની શરૂઆત હોળી પ્રગટાવ્યા બાદ સાંજે ૬.૦૦ કલાકે યોજાશે. જેમાં શિશુવિહાર ક્રીડાગમના તાલીમાર્થીઓ, લાઠી, લેઝિમ, ડંબેલ્સનું નિદર્શન કરશે. તેમજ બહેનો દ્વારા 'ફાગણ ફોરમ આયો' ગીતો રજૂ કરવામાં આવશે. અમૃત મહોત્સવમાં વિદ્યાર્થીઓ, સંસ્થાના કાર્યકરોને પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## હરિની દૃષ્ટિ...



જો, આચારસંહિતા લાગુ થઇ ગઇ છે, ઘરમાં કોઇ વિકાસના કામ કરવા નહીં... બધા ખર્ચનો હિસાબ આપવો... તારી વ્યક્તિગત લોકચાહના વધે તેવા કાર્ય કરવા નહીં...

### વસંત કુંવરબા પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયના સ્થાપક સ્વ. નટવરસિંહજી સોલંકીનું જન્મ શતાબ્દી વર્ષ ઉજવાઈ રહ્યું છે. તે અંતર્ગત પ્રાથમિક વિભાગનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

૨૦૧૨-૧૩માં બાલમંદિરથી ધોરણ-૮ સુધી તેજસ્વી તારલાઓને તથા રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ મેળવેલ હોય તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. ડાન્સ, મહેંદી, ક્રાફટ અને મ્યુઝીકના વર્ગોનાં પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યા હતા.

સોમનાથ કેળવણી મંડળના પ્રખમુ જીતેન્દ્રસિંહ સોલંકી, રમતગમતક્ષેત્રના મહેશ્વરીબેન ઘુમાલ, આચાર્યા દક્ષાબેન શુકલ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા. આચાર્યા રીટાબેન બિહોલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સંચાલન જયોત્સનાબેન દેવડાએ કર્યું હતું.

### મહિલા દિન નિમિત્તે મહિલા પાંખે વિવિધ કાર્યક્રમો યોજયા

ગાંધીનગર, તા.૧૪

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખની બહેનોએ આંતરરાષ્ટ્રીય મહિલા વીકની ઉજવણી વિવિધ કાર્યક્રમો યોજીને કરી હતી. કાર્યક્રમમાં મિ. રોમા રાજન અને મહિલા આર્થિક વિકાસના રીટાયર્ડ ડાયરેકટર મિ. મીનાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ પોતાના વકતવ્યમાં નારી ઉત્થાન માટેની ઉપયોગી માહિતી આપી હતી તેમજ મહિલા પાંખની મહિલાઓએ સતી તોરલ, મીરાબાઈ, કુંતી, કસ્તુરબા ગાંધી અને લતા મંગેશકર જેવી નામી મહિલાઓનો એક પાત્રીય અભિનય કર્યો હતો. કાર્યક્રમમાં પ્રમુખ પ્રતિભાબેન દવે અને અંજના ગોરે સફળ સંચાલન કર્યું હતું.

### કુટુંબ સલાહ કેન્દ્ર દ્વારા મહિલા જાગૃતિ શિબિર યોજવામાં આવી

ગુજરાત રાજ્ય બાલ કલ્યાણ સંઘ સંચાલિત કુટુંબ સલાહ કેન્દ્ર દ્વારા મહિલા જાગૃતિ શિબિરનું આયોજન ગઈ ૧૩ના રોજ રખિયાલ તા. દહેગામ ખાતે કરવામાં આવ્યું હતું. શિબિરમાં સલાહ કેન્દ્રના કાઉન્સિલર પાર્વતીબેને મહિલાઓને આર્થિક રીતે પગભર થવા, રાજકીય સ્તરે મહિલાઓનું મહત્વ, મહિલાઓ પર કરવામાં આવતી ઘરેલુ હિંસા અને અંધશ્રદ્ધામાં વિશ્વાસ ન રાખવો જેવા વિષયો પર જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. શિબિરમાં સરપંચ રમતુસિંહ મકવાણા, પંચાયત સદસ્યો અને ગામની મહિલાઓ અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વ મહિલા દિન નિમિત્તે સિદ્ધાર્થ લો કોલેજમાં સ્ત્રી કાયદાની સમીક્ષા

સિદ્ધાર્થ લો કોલેજના આચાર્ય ડૉ. દિલીપ એ. મેવાડા જણાવે છે કે તા. ૮મી માર્ચના રોજ વિશ્વમહિલા દિન નિમિત્તે કોલેજ ખાતે મહિલા સશક્તિકરણ સ્ત્રી કાયદા અંગેની સમીક્ષા કરવામાં આવેલ હતી. જેમાં વિદ્યાર્થીઓ, સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# લાવા ધખે છે લોહીમાં, નયનોમાં છે નૂર, ગાંડિવ લઇને હાથમાં, તું અર્જુન થા જરૂર

## દોસ્ત, હું મતદાર - મહત્વાકાંક્ષી છું...

- હર્ષદભાઈ બી. શાહ

જી હા, હું આપણી પવિત્ર ભૂમિ ભારતનો અને ગૌરવવંતી ગુજરાતનો મતદાર અને મહત્વાકાંક્ષી નવયુવાન છું. હું દેશની રાષ્ટ્રીય સંપત્તિ, દેશનું મૂડીરોકાણ, દેશનું ભાવિ, રાષ્ટ્રની ધરોહર અને રાષ્ટ્રનું મોંઘા મૂલું રત્ન છું.

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

- કવિ મેઘાણીના કાવ્યગાન મુજબ હું એવો સાહસિક યુવાન છું જેના માટે કયાંય કશું અશકય અને અપરિચિત નથી.

હું શક્તિનો ને ચેતનાનો એવો પૂંજ છું, જેમાં અજબગજબના તરવરાટને તલસાટ, તાકાત ને તેજસ્વીતા, ઊંચાઈને ઊંડાણ, ખુમારીને ખંત, ઉમંગને ઉત્સાહ, કાબેલિયત ને કુશળતા, આશાઓ ને અરમાન, જુસ્સોને ગુસ્સો, બળ ને બુદ્ધિ, સ્વપ્નો ને સંકલ્પો ભારોભાર ભરેલાં છે.

દોસ્ત, હું જમાના સામેનો આક્રોશ છઉં, અન્યાયો સામે લડનારો પુણ્યપ્રકોપી છું, સત્યનો આગ્રહી ને રાષ્ટ્રહિત માટે હંમેશ તત્પર છું. જી હા, હું પક્ષાપક્ષીના રાજકારણથી દૂર રહું છું. હું હંમેશા અધ્યયન શીલ, સ્વપ્ન દૃષ્ટા, આશાવાદીને દ્રઢ ઈચ્છા શક્તિથી સંકલ્પોને સપનાં સાકાર કરવા પ્રયત્નશીલ છું. મારામાં સૌ માટે લાગણીઓ, ભાવનાને સંવેદનાઓ છે. આદર્શો માટે કંઈક કરી છૂટવાની ઊંચી મહત્વાકાંક્ષા છે.

જી. હા દોસ્ત, હું કોઈ ઉંમરમાં બંધાતો નથી. ભલે મારી વય ૧૮થી ૩૫ વર્ષની ગણાય તેમ છતાં સમાજ, રાજયને રાષ્ટ્રને ઉપયોગી વિવિધ ક્ષેત્રનાં કાર્યોને પ્રવૃત્તિઓમાં હું અગ્રેસર ઊર્જાવાનને યંગ છું. કામ કરવાની સ્ફૂર્તિ, ચુસ્તીને મુત્સદ્દીને કારણે ૬૦ કે ૭૦ વર્ષેય હું નવયુવાન રહું છું.

લાવા ધખે છે લોહીમાં, નયનોમાં છે નૂર,
ગાંડિવ લઈને હાથમાં, તું અર્જુન થા જરૂર

જેના માટે આ કહેવાયું તેવો હું પડકારોનેય પડકારે એવો દેશપ્રેમી છું પરંતુ ધ્યેયહીન કે દિશા શૂન્ય જરાય નથી. દોસ્ત હું આજનો પુરુષાર્થ, આવતી કાલનું પરોઢને આશાથી ભર્યું ભર્યું વ્યક્તિત્વ છું.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ, અસહકારની ચળવળો અને દાંડીકૂંચની ઐતિહાસિક યાત્રામાં મારી સક્રિય ભૂમિકા રહી છે, હું હજીય મારા ગુજરાતને વધુ ઉન્નત, અદ્યતન, આગવુંને વિકાસશીલ બનાવી શકું અને વિશ્વમાં ગુજરાત અને ભારતમાતાને વધુ મહાન, મક્કમ, મજબૂત બનાવી શકું એવું મારા બાવડામાં બળને કાંડામાં કૌવત છે.

દોસ્ત, હું કાચાપોચો, ડરપોક, આળસુ, નિર્બળ કે નાહિંમત કદી નથી. પરંતુ હરક્ષેત્રે ખડતલ, ખમીરવંતો, કુશળ, કર્મનિષ્ઠ, નિઃસ્વાર્થી, નિવ્યસની, નિરભિમાની સ્વસ્થ, સ્વાવલંબી, પરિશ્રમી, નિષ્ઠાવાનને પ્રતિભા સંપન્ન છું.

યોગાથી ઈન્ટરનેટના યુગમાં ૨૧મી જ્ઞાન સદીમાં જીવતો હું નાનપણથી જ અભ્યાસમાં લગની, શિક્ષણ, સાહિત્ય, સંગીત, ગીત, કલા, ઉદ્યોગ, હુન્નર, નૃત્ય, ખેલકૂદ, વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે ભારે રસરૂચિ ધરાવું છું.

મારી શક્તિ અને ક્ષમતા મુજબ ઉજ્જવળ કારકિર્દીની તકો પારખી કે ઝડપી મારા જીવન અને સંસારને સફળ સંપન્ન કરી રિદ્ધિ, સિદ્ધિ, પ્રસિદ્ધ સહ અનેક ઉપલબ્ધિઓ હાંસલ કરવા મથનારો હું મારી પેઢઈના સૌને માટે હું દૃષ્ટાંત પ્રેરક બનવામાટે થનગનતો, નાચતો, કૂદતો, ગાતો, દોડતો, ઊડતો કર્મવીરને કર્મયોગી નવયુવાન છું.

હું મારા ઘર, પરિવાર, સગાસ્નેહીજનો, મિત્રો, સમાજ, રાજય અને દેશહિત માટે સદા સમર્પિતને કુરબાન થઈ શકું એવું બળ મારમાં છે. મારા હૈયે સહૃદયતા, ભલું કરવાની ભાવના, સમભાવને સમર્પણ વૃત્તિ સહજ વણાયેલી છે. હું મન-વચન-કર્મથી સંયમી રહેવા યત્નશીલ છું. રાષ્ટ્રની પ્રગતિ-ઉન્નતિ, ગુણવત્તા, શ્રેષ્ઠતા મારા બાહુબળમાં છે જી, હા હું ધર્મ, જ્ઞાતિ, ભાષા, રાષ્ટ્રવાદની સીમાથી પર છું. રાષ્ટ્રીય એકતાનો હિમાયતી છું.

દેશ-વિદેશના મહાપુરુષો, યુગપુરુષો, ધર્મધુરંધરો, ચિંતકો, વૈજ્ઞાનિકો, કલાકારો, શહીદો, સૈનિકો, ગુરજનો, વડીલો, સંતો, મૂકસેવકો, લોખંડી કે પોલાદી, પુરુષો, સજ્જનો અને સન્નારીઓ પ્રત્યે મને અને મારી યુવાપેઢીને ભારે માનસાદર સહ ગર્વ છે.

ગુરુભકત એકલવ્ય કે અર્જુન, દેશ ભક્ત શહીદો વીર ભગતસિંહ, મંગલ પાંડે, તાત્યા ટોપ, ખુદીરામ બોઝ, નેતાજી સુભાષચંદ્ર, ચંદ્રશેખર આઝાદ, વીર સાવરકર, લાલ-બાલ અને પાલની ત્રિપુટી, શ્યામજી કૃષ્ણ વર્મા વગેરેએ યુવાવયે કરેલાં કાર્યો મારી પ્રેરણા છે.

અબ્રાહમ લિંકન, આઈન્સ્ટાઈન ન્યૂટન, થોમસ આલ્વા એડિસન, એલેકઝાન્ડર, રામાનુજમ, સિકંદર, જુલિયસ સીઝર, નેપોલિયન, નીલ આર્મસ્ટ્રૉંગ, રાકેશ પાંડે, સુનિલ ગાવસ્કર, સચિતન તેંડુંલકર કેમ ભૂલાય- જેમના જીવન અને કવન અમારા માટે દૃષ્ટા પ્રેરક છે તથા સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, લાલબહાદુર શાસ્ત્રી, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણ, ડો. આંબેડકર, જયપ્રકાશ નારાયણ, માર્ટિન લ્યૂથર, ડો. મહાદેવ ગોવિંદ રાનડે, ગોપાલ સ્વામી આયંકર, કાર્લ માર્કસ, વિશ્વેશ્વરૈયા, ડો. રામમોહન લોહિયા, વાસુદેવ ફડકે, સત્યેન્દ્ર બાસુ, ગણેશ માવલંકર, રાજાજી, ડો. અબ્દુલ કલામ વગેરે અનેક ક્ષેત્રની મહાન વિભૂતિઓ અમારા રોલમોડેલ છે.

યુવાનોને પણ શરમાવે એના આપણા નરેન્દ્ર મોદી સૌના પ્રેરણા સ્રોત છે. યુવાવયે સુંદર કાર્યો કરી પ્રસિદ્ધિ પામેલા રમતવીર ખેલાડીઓ, અભિનેતાઓ, અવકાશયાત્રીઓ, કલાકારો, ક્રિકેટરોને હું કેમ ભૂલું?

હું સાયન્સ ટીવી કમ્પ્યુટર ઈન્ટરનેટ, મોબાઈલ જેવાં ઉપકરણોના યોગ્ય ઉપયોગથી દુનિયામાં ટકી રહેવા લાભાન્વિત થવા માગું છું. હું નીતનવી ટેકનોલોજીનો ખાસ હિમાયતી છું. દોસ્ત, હું મહત્વાકાંક્ષી યુવાન છું.

મારું કર્તવ્ય રાજય કે રાષ્ટ્રમાં સર્જાયેલી કુદરતી કે માવસર્જિત આપત્તિઓમાં, યુદ્ધ કે કટોકટીના સંજોગોમાં ખડેપગે રહી સેવા કરવાનું છે. નેવી એરફોર્સ, આર્મીમાં ભરતી થવું, અસરગ્રસ્તો, અંધ-અપંગો, વૃદ્ધો, ગરીબ, અનાથને સહાયરૂપ થવું, રકતદાન કરવું, ફંડફાળા એકત્ર કરવા પર્યાવરણ જાળવવું, સ્ત્રી સન્માન કરવું, ન્યાયી લડત આપવી, ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સાહિત્યિક પ્રવૃત્તિ પ્રોજેકટ ઉપાડી લેવા, અસામાજિક તત્વો કે ત્રાસવાદી તત્વો સામે ઝઝૂમવું, ભ્રષ્ટાચાર, બેકારી, મોઘવારી, સંઘરાખોરી વગેરે જેવી દેશની સમસ્યાઓ કે સામાજિક દૂષણો, ખોટાં ચીત રિવાજોના મૂળ શોધી, કારણે જાણી તેના ઉપાય- ઉકેલ શોધવાએ મારા સ્વભાવની દરિયાદિલ નજાકત છે.

આટલું બધું હોવા છતાં કહેવાય છે કે આજની યુવાપેઢી દિશાશૂન્ય થઈ રહી છે. જી હા, સારી રીતે અભ્યાસ ન કરી શકવાથી ખરાબ સોબતને કારણે, શૈક્ષણિક વાતાવરણ ન મળવાથી સંસ્કારો, સુટેવો ખામી સર્જાવાથી, શિસ્તના અભાવથી અમારામાં કેટલીક નબળાઈઓ ઘર કરી ગઈ છે. અભ્યાસકાળે, લગ્નપૂર્વે કે લગ્ન પછી વ્યવસાય-નોકરી સમયે કયાંક પ્રલોભનો, મોહમાયાની જાળમાં લપસી જવાથી કુટુંબ કે સમાજ પણ માફ ન કરે એવી અક્ષમ્ય ભૂલો અમારાથી થતી રહે છે અમે કદાચ અમારા માતાપિતા, બેન, ભાઈ, પત્ની, દીકાર-દીકરીની સંભાળ લઈ શકતા નથી કે સાચવી શકતા નથી. એવી ઘટનાઓ બન્યા કરે છે યુવા સહજ કેટલી બંડખોર, ખંડનાત્મક, બળવાખોર પ્રવૃત્તિઓમાં કેટલાક યુવાનો રચ્યાપચ્યા રહે છે ને દોષનો ટોપલો યુવા પેઢી માથે નંખાય છે પૈસેટકે ને કારકિર્દીથી ખુંવાર થતા યુવાનો પણ છે.

ભલે બધા કહેતા હોય કે યુવાનોને થયું છે શું? કેમ સુકાન વિનાના નાવ કે વહાલાની જેમ ડામાડોળ છે. દોસ્ત, અમને તો કશું જ થયું નથી. અમને માત્ર યૌવન થયું છે. અમને અમારા યૌવન કાળે યોગ્ય દિશાએ વાળે એવો પ્રેમાળ, અનુભવી, ખમતીધર, બાહોશ, કાબેલ, કુશળ વડીલો ને નેતાઓની જરૂર છે. અમને યુવાસમયે રચનાત્મક સમાજોપયોગી રાષ્ટ્રોપયોગી, લોકહિતનાં કાર્યોમાં વાળે એવા માર્ગદર્શકો ,પ્રેરણામૂર્તિઓની જરૂર છે.

યા હોમ કરીને પડો, ફતેહ છે આગે, યશ વી કેન, કમ વોટ મૃે એ મારા-અમારા જીવનમંત્રો છે ભારત માતા કી જય. ગાંધી બાપુ કી જય, આઝાદી અમર રહો, વંદે માતરમ. જેવા સૂત્રોને નારા મારા હૈયે ને હોઠે ગૂંજે છે. દોસ્ત, હું નવયુવાન- અમારામાં પડકારો સામે ઝઝૂમવાની ગજબની તાકાત છે. માટે જ કહેવાયું છે કે-

જો ચટ્ટાનો સે ટકરાયે ઉસે તૂફાન કહતે હૈ,
જો તૂફાનો સે ટકરાયે ઉસે યુવાન કહતે હૈ.
ચાલો સૌ સાથે મળીને ગાઈએ.
ભરી ઉરે લલકાર યુવાની આજ લડે છે.
ધરી દેશની દાઝ યુવાની આજ લડે છે.
શૂરાતન સુસાહસ ભરી છે જિંદગાની
તને શત-શત વંદન હજો હે નવયુવાન!